





જાપાન જઇ વિશ્વ શેતરંજે 'ચેક' દઇ દીધો!
ચઢાવ્યું ચીનને શ્રી ઓબામાને જેક દઇ દીધો!
રેચ દઇ દીધો પાકિસ્તાનને ચિનાઇ ફાકીનો -
વિયેતનામી કરારથી ચીનને શેક દઇ દીધો!
(ચાલ ચાણક્યની...)




મોઢે મિઠાસ,
કરારોને ચર્ચાઓ..
બગલે છૂરી..
(સરહદ સળગતી)

નાખ્યો છે હાથ,
ડ્રેગન ના મોઢાંમાં -
રે'જો સાવધ!
(ચીનની દોસ્તી)

## ચિંતન

**વિતરતિ ગુરુઃ પ્રાજ્ઞે યથૈવ તથા જડે ન તુ ખલુ તર્યોર્જ્ઞાને શક્તિ કરોત્યુ પહન્તિ વા ।**
**ભવતિ ચ પુનર્ભૂયોન્ભેદઃ ફલં પ્રતિ તદ્યથા પ્રભવતિ રૂચાં બિંબોદ્વાહે મણિર્ને મૃદાં ચયઃ ॥**

ગુરૂજન તો હોશિયાર-બુદ્ધિમાન શિષ્યને પણ જ્ઞાન આપે છે અને ઠોઠ-જડબુદ્ધિ શિષ્યને પણ જ્ઞાન સરખું જ આપે છે, પરંતુ એ જ્ઞાનથી એકની જ્ઞાન-ગ્રહણશક્તિ-સમજશક્તિમાં વધારો થાય છે જ્યારે બીજાને સમજશક્તિમાં ઉલ્ટું એટલે કે ઘટાળો થાય છે; એવું નથી.

પરંતુ એ બંનેના વિદ્યા ગ્રહણમાં મોટો તફાવત પડે પડે છે એ જ એનું કારણ છે.

દા.ત. મણિ પોતાની અંદર સૂર્યના કિરણોને સમાવિષ્ટ કરી વધારે પ્રકાશને પરાવર્તીત કરી પ્રકાશ ફેલાવે છે પરંતુ માટીનું ઢેફું - એ જ સૂર્યકિરણોને કોઇ જ અસર વિના સ્વીકારે છે અને કંઇ જ ફલિત કરતું નથી.

જ્ઞાન-વિદ્યા-પાત્ર હોય એવાં હૃદયને જ અસર કરે છે જડબુદ્ધિ ને માટે એ નિરર્થક નીવડે છે.

## સુવિચાર

- આટલું પણ શીખીયે કે જ્યારે આપણે દુઃખી હોઇએ, સમસ્યાથી ઘેરાયેલા હોઇએ.. લમણે પરિણામની પિસ્તોલ તાકવામાં આવી હોય ત્યારે કોઇ નિર્ણય ન લેવા. અને જો લેવા જ પડે તો વરસો વિત્યાં પછી અફસોસ ન કરવો **- જ્ઞાનસૂત્ર**
- કવિતા તો આત્માની માતૃભાષા છે **- એસ. ભટ્ટાચાર્ય**
- હાલનાં સંજોગોમાં સંસારના બજારો કરતાંય ધર્મનાં બજારો વધારે આકર્ષક છે **- ઓશો**
- સૌએ પચાસ વરસ પછી (વાનપ્રસ્થ)નું આયોજન વિચારવું જ જોઇએ.. કે જેથી જીવનનો સૌથી મહત્ત્વનો તબક્કો આનંદમય, પ્રેમમય અને સંવાદિતામય વીતે **- રામદેવ**
- બુદ્ધિથી સાધ્ય થતાં કાર્યો શ્રેષ્ઠ છે, બળથી સાધ્ય થતાં મધ્યમ છે, કપટથી સાધ્ય થતાં અધમ છે અને સંકટથી સાધ્ય થતાં અધમાધમ છે **- વિદુર**
- આત્મશુદ્ધિ વિના આત્મશક્તિની વેધકતા અનુભવાતી નથી, આત્મશુદ્ધિ અને આત્મસંયમ વિના એકાગ્રતા પ્રભાવક થતી નથી **- માનસસૂત્ર**
- વિચારવા જેવી વાત છે કે દુનિયાનું સાહિત્ય જો વિવેચકોની સલાહ સૂચના મુજબ લખાયું હોત તો એ કેવું હોત **- પન્નાલાલ પટેલ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે પ્રાર્થનામાં ઇશ્વર પાસે સદાય સુખ-સગવડ અને ભોગવિલાસ માગીએ છીએ જે ઇશ્વરથી આપણને અલગ કરે છે. દુઃખમાં ઇશ્વર યાદ આવે છે અને દુઃખ આપણા હૃદયને સતત માંજતું રહે છે.

સૂફીસંત, ફકીર જુનૈદ સદાઇ ખૂદાઇ મસ્તીમાં રહેતા અને ઇબાદતમાં કહેતા કે અલ્લાહ! તું સતત મને દુઃખમાં જ રાખજે.. સુખ તો ક્યારેય આપતો જ નહીં'

એક શિષ્યએ આ પ્રાર્થના સાંભળીને પૂછ્યું બધા લોકો ઇશ્વર પાસે સુખ માગે છે પરંતુ તમે દુઃખની માગણી શા માટે કરો છો?

સૂફી સંત જુનૈદ કહ્યું, શિષ્ય! સુખ આપણને સુવાડી દે છે, ઇશ્વરને ભુલાવી દે છે, દુખ સદા જાગૃત રાખે છે અને ઇશ્વરની નજીક રાખે છે.

શિષ્યએ પુછ્યું, આમ છતાં લોકો દુઃખથી દૂર કેમ ભાગે છે?

જુનૈદ કહે, લોકો, જીવનને પ્રકાશિત કરતાં દુખને સમજી નથી શક્યા. દુખ હૃદયને સ્વચ્છ અને નિર્મળ, પવિત્ર કરે છે, માણસને નમ્ર બનાવે છે સાથે સહિષ્ણુ અને સહનશીલ થવાની શક્તિ આપે છે.'

શિષ્યએ સમજ સાથે સંતોષ પ્રાપ્ત થતાં જુનૈદને વંદન કર્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# મહેન્દ્રભાઇના દિલમાં એક સાચા સાહિત્યકારને શોભતી સાહિત્યસંવેદના પડેલી છે, તેઓ સતત ભાષાસાહિત્યની ત્રુટિઓ પ્રત્યે સજાગ રહ્યા છે

**સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ**
**શબ્દ સેતુ**
**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**

**● 'સમાચાર સેતુ'**

ગાંધીનગર સાહિત્ય સભા અને ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટના સંયુક્ત ઉપક્રમે પુષ્કર ચંદરવાકર વ્યાખ્યાનમાળાનું દ્વિતીય વ્યાખ્યાન તા. ૨૧-૯-૨૦૧૪ને રવિવારે સાંજે ૪.૦૦ વાગે, કડી કેમ્પસ, સેક્ટર-૨૩ના બ્રહ્માણી હોલમાં, જાણીતા કવિ અને ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશ જહાના અધ્યક્ષસ્થાને તેમજ જાણીતા સાહિત્યકાર અને નિવૃત્ત સનદી અધિકારી પ્રવિણ ગઢવીના અતિથિ વિશેષપદે, સંશોધક-સંપાદક, સર્જન પુષ્કર ચંદરવાકર વિશે, ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ અને સુવિખ્યાત લેખક દોલત ભટ્ટનું વ્યક્તવ્ય યોજવામાં આવેલ છે. સાથેસાથે જાણીતા સર્જક, સુપ્રસિદ્ધ વાર્તાકાર અને તાજેતરમાં માન.મુખ્યમંત્રીના વરદહસ્તે વિમોચન પામેલ સામયિક 'સમાજ સંવેદના' ના સંપાદક મંડળના સભ્ય માધવજી માધડ લિખિત 'લોકવાર્તાની રસલ્હાણ' નું લોકાર્પણ પણ કરવામાં આવનાર છે. તો આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ગાંધીનગરના તમામ સાહિત્યપ્રેમીઓને જાહેર-હાર્દિક નિમંત્રણ છે.

**● વ્યંગ વાણી**

"અહીંથી ઊઠી જાવ, આ સીટ મારી છે."

"વાહ, સીટ તમારી કેમ કરીને થઇ ગઇ?"

"હું તે સીટ ઉપર મારી બેગ મૂકીને ગયો હતો."

"તમને તો યાર, ખરા છો! કાલે ઉઠીને તમે તાજમહામાં તમારી બેગ મૂકી આવશો, તો શું તાજમહાલ તમારો થઇ જશે?"

**● પ્રસંગ સેતુ**

ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરતભાઇ કવિ 'ઊર્મિલ'ના અધ્યક્ષસ્થાને તાજેતરમાં પૂર્વસચિવ સિંચાઇ વિભાગ અને શિ.શિ.કા. અને ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના સ્થાપક ટ્રસ્ટી મહેન્દ્રભાઇ યુ. પુરોહિતના તાજેતરમાં લોકાર્પણ કરાયેલ બે પુસ્તકો (૧) નિરાંતના પડઘા અને (૨) સંવેદનાનો સાદના રસપાનનો કાર્યક્રમ તથા હિન્દી અને ગુજરાતી ભાષાના ગઝલકાર અને ગુ.સ.ના નાયબ સચિવ પી.સી. પટેલ (પરેશ પટેલ)ની ગઝલોના પઠનનો કાર્યક્રમ યોજાઇ ગયો. ચાલો આજે મહેન્દ્રભાઇની કૃતિઓના રસપાન કાર્યક્રમને માણીએ.

જેઓ પોતાને સિદ્ધહસ્ત કવિ, સાહિત્યકાર કે સર્જક ગણતા નથી. તેવા, સંવેદનાઓને ઝીલીને લખવાની પ્રેરણા મેળવનાર, આત્મનિરીક્ષણ કરીને ફલસ્વરૂપે પોતાની ઊણપો, દંભનો એકરાર કરીને કાવ્યમય શૈલીમાં ઢાળનારને શું 'સર્જક' કવિ ન ગણી શકાય તો શું કહેવાય? સાહિત્યકાર અને કવિશ્રી મહેન્દ્રભાઇ પુરોહિત દ્વારા 'સવેદનાનો સાદ'માં સુગઠિત કરાયેલ અને પૃથ્વી, ભુજંગપ્રયાત, શિખરિણી, અનુષ્ટુપ, ઇન્દ્રવજા, મંદાક્રાન્તા જેવા છંદોમાં ઢાળવામાં આવેલ કાવ્યો એ એક કવિહૃદયની, સંવેદનશીલ સર્જકના હૃદયોદ્ગારની આવિર્ભૂત થયેલ નીપજ છે, જેનું ગાંધીનગર સાહિત્ય સભાની બેઠકમાં મહેન્દ્રભાઇએ જાતે રસપાન કરાવીને સર્વેની દાદ મેળવી. તેમણે તેમનાં કાવ્યો (૧) હૈયાં પ્રેમે ભેટજો (૨) પ્રેમઘેન (૩) વિમલ સ્રોત (૪) ચાલો જીવ્યુ સાર્થક કરીએ (૫) આ શો વિધ્વંશ (૬) ધ્રુજી ધરા (૭) શી ખબર? (૮) નર્મદાની વ્યથા (૯) નિર્દંભ (૧૩) કાલગતિ પોતાની આગવી શૈલીમં રજૂ કર્યા, જેને સાહિત્ય રસિકોએ નાણ્યાં, માણ્યાં અને વખાણ્યાં.

મહેન્દ્રભાઇના દિલમાં એક સાચા સાહિત્યકારને શોભતી સાહિત્યસંવેદના પડેલી છે. તેઓ સતત ભાષાસાહિત્યની ત્રુટિઓ પ્રત્યે સજાગ રહ્યા છે. અને તેથી જ તો તેમમે તેમના લેખ સંગ્રહ 'નિરાંતના પડઘા' માં અંકિત લેખ (૫) ભાષામાં જોડણીનું મહત્ત્વમાં અને લેખ (૬) 'ભાષાશુદ્ધિનો આગ્રહ રાખીએ' માં ગુજરાતી ભાષા પ્રત્યેની આપણી નિષ્ક્રિયતા અને નીરસતાને કારણે આપણી ભાષા કેટલી કદરૂપી અને ક્લિષ્ટ - વિકૃત થતી જાય છે તેની ખેવના કરીને, ભાષાની સુંદરતા અને તેની ભાવનાત્મકતા જળવાઇ રહે તે માટે, જોડણી પરત્વે ધ્યાન આપવા અને ગમે ત્યાં અનુસ્વારનો ઉપયોગ ન કરવા ધ્યાન દોર્યું છે. તેમના તરફથી ઉદાહરણોસહ રજુ થયેલ લેખ 'ભાષાશુદ્ધિનો આગ્રહ રાખીએ' સર્વે માટે એક સાહિત્યની દીવાદાંડી સમાન છે.

આપણે તેમન થોડાક કાવ્યોનું રસપાન કરીએ.

**● નર્મદાની વ્યથા**

આંદોલન મને બચાવવા
કરો છો બહેન,
તો મને જરી પૂછવું તો હતું
કે મને ખરેખર શું ગમે છે?
વહી રહી છું હજારો વર્ષોથી,
અને વળી વરદાને ય છે મને
કે દર્શન માત્રથી પાવન કરું ભાવિકોને.
મૈયા કહે છે બધા મને,
પણ તૃપ્તિ છે શું
સાચા માતૃત્વથી મને?
થનગની રહી છું આદિકાળથી
પયઃપાન કરાવવા તૃષા-ક્ષુધાતુરાને,
કિન્તુ નિઃસ્વસતી રહી છું હરપળ
અનુભવી નિરર્થક વહી જતા
એ થનગનાટને;
જાણે નિઃસંતાન માતાની
તીવ્ર અપત્ય-ઝંખનાને.
પૂછી જોજો બહેન,
કો અનુભવી માતાને
કે કેવું સ્વર્ગીય સુખ મળે છે
પયઃપાન કરાવતાં ક્ષુધિત શિશુને.
બંધાણી છે આશા જરીક હવે,
અને જેને તમે શાપો છો, બહેન,
તે તો ઉભરાયાં છે,
મારાં વક્ષઃસ્થળ, બંધ-જળાશય રૂપે.
કેટલી અધીરી થઇ છું પયોદાન માટે!
એથી જ તો, ક્ષણિક અને
ભલે અનૈસર્ગિક તો ય,
કેટલું સુખ મળ્યું
ઉલેચ્યો યંત્રોએ જ્યારે
પયોદધિ મારો એ
સંતર્પવા તૃષાતુરોને!
ઝંખના છે કિન્તુ
શાશ્વત પરિતૃપ્તિ માટે
સતત કરતી રહું
પયોદાન વક્ષો થકી
સ્વયંવાહી બનીને.
તેથી તો કહું છું, બહેન,
થંભાવી દો આંદોલન
આ મારા કથિત રક્ષણનું
અને આરંભી દો
તૃષિત-ક્ષુધિત પીડિતોનાં
દુઃખો ભાંગવાનું.

*(નોંધ : બાંધકામ દરમિયાન સરદાર સરોવર બંધ લગભગ ૯૦ મીટરે પહોંચ્યો પછી મેધા પાટકરના નર્મદા બચાવો આંદોલનને કારણે ઘણાં વર્ષો સુધી કામ અટકી ગયું. તે દરમિયાન મુખ્ય નહેરનું ઘણું કામ થયું હતું પરંતુ જળાશયની સપાટી પૂરતી ઊંચી ન હોવાથી વરસાદની અછતના વર્ષે પમ્પો દ્વારા પાણી નહેરમાં વહાવવામાં આવ્યું હતું.)*

# રંગભૂમિના રંગથી રંગાયેલા અદનો અદાકાર ભરત વ્યાસ

**આપણી વિરાસત**
**-ભીખુભાઇ કવિ**

કાળઝાળ મોંઘવારીમાં આજના સમયે રંગભૂમિને જ પોતાનો વ્યવસાય બનાવી પોતાનું ઘર ચાલતું હોય તો એક કલાકારનું નામ પહેલું હોઠે ચઢે... ને એમાંય સાબરકાંઠા અને ઉત્તર ગુજરાતમાં રંગભૂમિને સમર્પિત થયો હોય તો એક માત્ર ને માત્ર કલાકાર... જી... હા... અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી પછી સાબરકાંઠા અને ઉત્તર ગુજરાતમાં સૌથી સતત રંગભૂમિ ક્ષેત્રે યોગદાન આપ્યું હોય તો આંગઠીના વેઢે ગણી શકાય તેવા કડિયાદરાના વતની આંગણવાડી તેડાગર કમળાબેનની કૂખે જન્મેલ ગરીબ બ્રાહ્મણ બાબુલાલ વ્યાસના સુપુત્ર જેઓ ભરત વ્યાસ રંગભૂમિનો સાબર રત્ન મેળવી સન્માનિત થયા તે રંગભૂમિનો ભેખધારી અલગારી રંગભૂમિના રંગથી રંગાયેલો અદનો કલાકાર એટલે ભરત વ્યાસ...

૧૬ સપ્ટેમ્બર ૧૯૬૪માં કડિયાદરામાં જન્મેલ ભરત વ્યાસમાં એક નજર નાંખીએ. વર્ષો પહેલાં ગામનાં ખાડાની જૂની રંગભૂમિની મંડળી આવતીને એમાં બાબુલાલ એ કલાકારોની સેવા સુશ્રુષા કરતા, મકાન ભાડે અપાવતા ને એમની રંગભરી રંગભૂમિની વાતો માણતા ને એમનો દીકરો જોતો - નાટકો જોતો ને કોઇ વાત જાહેરાતમાં લારી સાથે હાથમાં ભુંગળું પકડી નાટકોની જાહેરાત કરતો ને નાટકોની જાહેરાત કરતાં વિદૂષકનો વેશ ધારણ કરેલ કલાકારની હાથલારી ખેદવામાં મદદ કરતો તથા નાટકની જાહેરાતના પેમ્પલેટ્સ રંગભૂમિ રસિયાઓને વહેંચતોને એમ કરતાં બચપણથી નાટકમાં રસ પડવા લાગ્યો બાળ ભરત વ્યાસને..

૧૬ વર્ષની વયે ૧૯૮૮માં શાળામાં સૌ પ્રથમ 'પ્રણય અને પોલીસ ચોકી' એકાંકીમાં પોલીસ ઇન્સ્પેક્ટરની ભૂમિકાથી નાટકના તખ્તે મંગલ પ્રારંભ કર્યો. તે આ લેખકે જોયો ને એનું ભવિષ્ય ભાંખેલું જરૂર ભરત વ્યાસ રંગભૂમિ ક્ષેત્રે નામ કાઢશે.

કોલેજકાળમાં ઇડર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કોમર્સનાં વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવ્યો. ત્યાં રંગભૂમિના દિગ્ગજ કલાકાર પ્રા. નિકુંજ દવેના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી નાટકો ભજવવા કોલેજની નાટક મંડળી સમા મિત્રો પરેશ ભાવસાર, કિરણ પટેલ વગેરે દોસ્તો નિકુંજભાઇના દિગ્દર્શનમાં કોલેજ સ્પર્ધાઓનાં નાટકો ભજવતાં જેમાં ભરત વ્યાસ અગ્રેસર રહેતો.

૧૯૮૬માં અરવિંદ પંડ્યા લિખિત પ્રા. નિકુંજ દવે દિગ્દર્શિત દ્વિઅંકી નાટક 'વિંછુંડો' નાટકમાં ભરત વ્યાસે શંકર ભગવાનની મૂખ્ય ભૂમિકા ભજવી. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની નાટ્ય સ્પર્ધામાં આ નાટક રજૂ થયું જેમાં ભરત વ્યાસને શ્રેષ્ઠ અભિનેતાના એવોર્ડથી નવાજવામાં આવ્યા... હા... આ નાટકમાં 'કાપાલિક' નો ખૂંખાર અભિનય આ લેખના લેખક ભીખુ કવિ ભજવતા હતા.

ભરત વ્યાસ બી.કોમ.ની પદવી મેળવી રંગભૂમિ અર્થે મુંબઇ ગયા. જ્યાં ભારતીય વિદ્યાભવન, મુંબઇમાં ગિરીષ દેસાઇ અને પ્રબોધ જોષીના પરિચયમાં આવ્યા ને એમના સથવારા થકી નાટકોમાં અભિનયના અજવાળા પાથરતા રહ્યા.

વતનભૂમિ વિસ્તારમાં નાટકનું વાતાવરણ - રસ કેળવવા ગિરેષ દેસાઇ અને પ્રબોધ જોષીના સથવારા થકી કપબોર્ડ ઓફ પરફોર્મિંગ આર્ટ (મુંબઇ) દ્વારા ખેડબ્રહ્મા ખાતે સાબરકાંઠા જિલ્લાની એકાંકી નાટ્ય સ્પર્ધા યોજી તેનો હું સાક્ષી છું. મારે મુંબઇ જવાનું થયું ત્યારે ભરતના પરિચય દ્વારા હું ગિરેષભાઇના પરિચયમાં આવ્યો ને અમે બંને "સેવાભાવી સુંદરલાલ" ટીવી સિરિયલમાં અભિનયના ઓજન પાથર્યા હતા.

હિંમતનગર શહેરમાં રંગભૂમિ નાટકોનો પાયો નાખ્યો ભરતવ્યાસનું ઉપનામ સાગર તેથી 'સાગર' ના ઉપનામથી લેખનક્ષેત્રે ઝંપલાવ્યું તો 'સાગર અકાદમી'ની સાંસ્કૃતિક કલા સંસ્થા સ્થાપી. હું પણ આ સંસ્થાનો સભ્ય છું.

ભરત વ્યાસે ૩૫ એકાંકી, દ્વિઅંકી, નાટકોમાં અભિનય આપ્યો. તો ૧૧ એકાંકી - દ્વિઅંકી નાટકોનું લેખન કર્યુ તથા ૨૮થી વધુ એકાંકી - દ્વિઅંકી નાટકોનું દિગ્દર્શન કર્યું છે. ગુજરાત સંગીત નાટક અકાદમીના ૯થી વધુ એવોર્ડ મળ્યા છે. સાબર નાટ્ય રત્નનો એવોર્ડ તાજેતરમાં મંત્રી રમણલાલ વોરા (રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ) ના હસ્તે મળ્યો છે. ગુજરાત અને ગુજરાત બહાર અનેક નાટકોનું પરફોર્મન્સ કર્યુ છે.

ભરત વ્યાસના યાદગાર નાટકો 'સરદાર' જેમાં સરદારની મુખ્ય ભૂમિકા ભજવી જેનું લેખન/દિગ્દર્શન સંભાળ્યું, વર્ષ ૨૦૧૦માં 'મારી દીકરી લાડકવાયી' ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી આયોજિત ત્રિઅંકી નાટ્ય સ્પર્ધામાં ફાઇનલમાં આવ્યું જેમાં શ્રેષ્ઠ નાટક, શ્રેષ્ઠ મોલિક નાટક, શ્રેષ્ઠ દૃશ્ય રચના, શ્રેષ્ઠ દિગ્દર્શન તથા શ્રેષ્ઠ પુરૂષ અને શ્રેષ્ઠ સ્ત્રી કલાકાર એમ સાત એવોર્ડ મળ્યા. જે સિદ્ધિ નાનીસૂની તો ન જ કહેવાય ને? ઉત્તર ગુજરાતમાંથી કોઇ પણ ત્રિઅંકી નાટકને આટલા એવોર્ડ મળ્યા હોય તેવો અત્યાર સુધીનો આ પ્રથમ પ્રસંગ છે.

૧૯૮૦ થી ૨૦૦૩ સુધી ચોરસ દુનિયા, પ્રણય અને પોલીસ ચોકી, ડીમલાઇટ, ખાર ખર્ચથી ફ્લોરા ફાઉન્ટન, ખુલ્લાં બારણા, હું જે કહીશ તે સત્ય કહીશ, આથમતા સૂરજના પડછાયા, એળે નહીં તો બેળે, કડલાં, થીગડું અને ગોદડી જેવા એકાંકી નાટકોમાં ભરત વ્યાસે અભિનયનાં અજવાળાં પાથર્યા છે.

ફુલ લેન્થ નાટકો ૧૯૮૦ થી વિછુંડો, ચાલ સખી કરીએ કરાર, નિયતિ, ભૂમિપુત્ર સરદાર, માલવપતિ મુંજ, છોરકછોરૂ, અલ્લડ છોકરી તથા ૨૦૧૩ એક મેકના સથવારેમાં ભરત વ્યાસે અભિનયની ભૂરિ ભૂરી પ્રશંસા થઇ છે તો તે નાટકોનું ભરત વ્યાસનું દિગ્દર્શન ખૂબ સરળ રહ્યું છે તે ખૂબ લોકચાહના પામ્યા છે.

સાગર અકાદમી દ્વારા ૧૫૦ થી વધુ કલાકારોને પ્લેટફોર્મ પુરૂ પાડીને પ્રોત્સાહન આપ્યું જેમાં મહેન્દ્ર પ્રજાપતિ, મહેશ પંડ્યા, જયપ્રકાશ જોશી, વિરલ રાવલ, હવે સાગર અકાદમી દ્વારા ખૂબ પ્રકાશમાં આવ્યા તેમ લખવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી.

ભરત વ્યાસ લિખિત / દિગ્દર્શિત 'મા બાપને ભૂલશો નહિ' નાટકનાં ૫૦ સફળ શો કરી સમગ્ર ઉત્તર ગુજરાત ક્ષેત્રે નવી રંગભૂમિ પર એક જ નાટકના સૌથી વધુ શો કરી શહેરમાં ગૌરવ વધાર્યુ. જે આજે પણ ભજવાય છે.

ભરત વ્યાસે સાગર અકાદમીમાં સદાય તેમનાં પત્ની કામાક્ષીબેન, પુત્ર રાજન અને પુત્રી કૃતિકા પડછાયાની જેમ સદા સહયોગ આપી રહ્યા છે ને ત્યારે જ ભરત ઊંચી ઊંચાઇએ પહોંચ્યો છે. આમ ભરત વ્યાસનું સાબરકાંઠા ક્ષેત્રે ઊજળું નામ અંકિત થઇ ગયું છે. એનો હરખ એના વતનની હોવાનો નાતે ગૌરવ અનુભવું છું.

છેલ્લે ભરત વ્યાસે મુલાકાતમાં કહ્યું, 'કોઇ પણ કલાકારે રંગભૂમિ ક્ષેત્રે સફળ થવું હોય તો તેણે લેખક થવું, દિગ્દર્શક થવું પડશે, ટેકનીશિયન થવું પડશે, સેટ વસાવવા પડશે તથા પોતાનું ગોડાઉન હશે ને પરિવારનો સંપૂર્ણ સથવારો હશે તેને રંગભૂમિ ફળશે.' અસ્તુ

**- 'કલા વિમર્શ'માંથી સાભાર**

# એક વાર નિરાલીના દફતરમાંથી કોઇનું લંચબોક્સ નીકળેલું, નિરાલી સ્કૂલેથી ઘરે આવે એટલે મમ્મી એનું દફતર રોજ જુએ, ચકાસે. જાતજાતની વસ્તુઓ એ વીણી લાવી હોય... પણ આ તો લંચબોક્સ!!

**નટખટ નિરાલી**
**(બાળ વાર્તાસંગ્રહ - લઘુ બાળનવલ)**
**અનોખા લગ્નની ઊજવણી**
**- પ્રજ્ઞા એ. પટેલ**

આપણે જોયું ને...? નિરાલીનું મગજ ચાલતું નથી, સતત દોડતું રહે છે, એના શરીરનાં અંગોની જેમ... હાથ-પગ-આંખોની જેમ.

બધાં બાળકોમાં ઓછેવત્તે અંશે હોય એવી જ લાક્ષણિકતાઓ એનામાં છે. નિરીક્ષણ વૃત્તિ, કુતૂહલતા, નકલ કરવી, જીદ કરવી, પ્રેમ આપવો અને પામવો, રમતિયાળપણું, ઠાવકાઇ, નવું નવું કરવું - શીખવું, સતેજ ગ્રહણ શક્તિ, કેટલીય બાબતો જલદી યાદ રાખવી - અને કેટલુંક જલદી ભૂલી જવું - બાળકોની આ ખાસિયતો. નિરાલી પણ બાળક જ ને?

એક વાર દાદીને કહે, 'દાદાનું નામ ભગવાનભાઈ છે, તો તમારું નામ પાર્વતીબા કેમ?'

'એ તો બેટા એ વખતે ઘરના કોઈએ પાડ્યું હશે...' બાએ સીધો જવાબ આપ્યો.

'તો આપણે તમારું નામ દેવીબા રાખીએ... ના, ના, દાદાનું નામ બદલીને શંકર ભગવાન રાખી... આપણા ઘરના ને બધા મંદિરમાં પાર્વતીજીની સાથે શંકર હોય છેને!' દાદા-દાગી તો એને જોઇ જ રહેલાં, હસી પડ્યાં હતા. પછી તો મૂડમાં હોય ત્યારે એ દાદાને શંકર ભગવાન દાદા એમ કહીને પણ બોલાવે.

પપ્પાનું નામ આનંદભાઈ. દાદા-દાદી દીકરાને 'આનંદ ક્યાં ગયો? આનંદ આવી ગયો?' એમ કરી વાત કરે. નાની હતી ત્યારે એ પણ ગમ્મતમાં પપ્પાને તુંકારે - આનંદ કહી વાત કરે. ક્યારેક વળી આનંદનું અંગ્રેજી કરી 'જોયભાઇ, હેપ્પીભાઇ ક્યાં ગયાં?' તમે સાંભળો છો?' એમ જાતજાતના સંબોધનથી બોલાવે.

'બેટા, આપણાથી હોં... જે મોટા હોય એમને માન આપવું જોઈએ. નામથી કે તુંકારે ન બોલાવાય હોં... ઘરના હોય કે બહારનાં, ડાહ્યા બાળકો વડીલોને માનથી બોલાવે એ જ સારું લાગે...' અનુ ફીઆએ આ રીતે એને બે-ત્રણ વખત સમજ આપેલી, ત્યારથી નિરાલીના મનમાં એ વાત પાકી થઈ ગયેલી.

એક વાર નિરાલીના દફતરમાંથી કોઈનું લંચબોક્સ નીકળેલું, નિરાલી સ્કૂલેથી ઘરે આવે એટલે મમ્મી એનું દફતર રોજ જુએ, ચકાસે. જાતજાતની વસ્તુઓ એ વીણી લાવી હોય... પણ આ તો લંચબોક્સ!!

'બેટા, આ લંચબોક્સ કોનું છે?' મમ્મીએ પુછ્યું.

'એ તો.. મારા કલાસમાં પડી રહેલું... બધાં નીકળી ગયેલાં...'

'એ તો કોઈ બાળક ભૂલી ગયું હશે. તું ઘેર કેમ લઇ આવી?'

'ત્યાં કોઇ નહોતું એટલે મેં તારા દફતરમાં મુક્યું. મમ્મી સરસ કલરનું છે ને? આકાશ જેવો બ્લ્યુ?!..' નિર્દોષ ભાવે નિરાલી બોલી.

'છે તો સરસ... સરસ... કલરનું. પણ બેટા, જેનું ખોવાયું હશે એને એની મમ્મી વઢશે... કાલે એ કલાસમાં શું લઈ આવશે? કોઈની વસ્તુ આપણાથી ન લેવાય.'

'પણ મમ્મી ત્યાં કોઇ નહોતું ને મને ખબર નથી કે કોનું છે?'

'હં, તારી વાત સાચી. તારે ટીચરને આપવું જોઇએ, અથવા તારા કલાસનાં બીજા બાળકોને પુછીને જેનું હોય એને આપવું જોઈએ. આપણી ન હોય એવી વસ્તુ, કોઈની પણ ન લેવાય, ઘેર ન લાવવી જોઈએ. તું તો બહુ સમજુ દીકરી છે ને!'

'તો મમ્મી, ચાલ આપણે સ્કૂલે જઇએ ને આપી આવીએ.'

'બેટા, અત્યારે તો સ્કૂલ બંધ થઈ ગઈ હોય, કાલે લઈ જજો હોં...'

'ના, તારે મારી સાથે આવવું પડશે, નહીં તો કોઈને એમ લાગે કે નિરાલી એના ઘરે લઇ ગઇ હતી... હવે કદી કોઈની વસ્તુ નહીં લઇ આવું, બસ?' ને મમ્મીની આંખમાં ઝળઝળિયા... એણે નાનકડી દીકરીને ચૂમી લીધી.

વળી એક વાર નિરાલીબહેને ઘરમાં ધમાલ મચાવી. વાત એમ હતી કે, પડોશમાં લગ્ન હતું. ઘરઆંગણે માંડવો રોપાયેલો. લગ્નનાં ગીત ગુંજ્યા. પડોશમાં રહેતી ધરાનું લગ્ન. નિરાલીને તો મજા પડી ગઇ. ધરા તો એના સાસરે ગઈ. નિરાલીએ જીદ પકડી... 'આપણા ઘેર પણ માંડવો બંધાવો, બધાંને બોલાવો, મારે મેંદી મુકવી છે.' બધા પાસે લગ્નગીતો ગવડાવો, મીઠાઈ બનાવડાવો... આપણા ઘેર કોઇનું લગ્ન કેમ ન થાય?'

'હવે આ જીદ કઈ રીતે પૂરી કરવી? ઘરમાં કોના નામનો માંડવો બંધાવવો? અનુ તો બે વર્ષ ભણવા માટે વિદેશ ગયેલી છે.'

'બેટા, અનુ ફીઆ આવી જશે. એટલે આપણે એમનાં લગ્ન કરીશું...'

'તો એમને તરત બોલાવી લો...' નિરાલીનું ફરમાન.

'પણ બેટા, એ તો ભણવા ગયાં છે ને! એમ તરત ન આવી શકે.'

'તો દાદા-દાદીને પરણાવો, તમે પરણો... પણ લગ્ન...'

'ખરી છે આ છોકરી. બધાને બહુ મોઢે ચડાવી છે.. આવી તો જીદ હોય? કંઇ સમજતી જ નથી.' પપ્પા એ દિવસે પહેલીવાર ગુસ્સે થઇ ગયેલા.

'એમાં આટલા અકળાઈ શું જાઓ છો? બાળક છે જીદ કરવાનું એનું કામ, તો પ્રેમથી સમજાવવાનું, રસ્તો કાઢવાનું આપણું કામ.' મમ્મીએ નિરાલીના પપ્પાને સમજાવ્યા. દાદા-દાદી, મમ્મી-પપ્પા બધા વિચારમાં, ચિંતામાં. હવે કરવું શું?

'હા બેટા, આપણા ઘરમાં પણ માંડવો બંધાશે, લગ્નગીતો ગવાશે.' મમ્મી બોલી એ સાથે તો નિરાલી ખુશ ખુશ.

'આપણે એક કામ કરીએ, તારી ઢીંગલીનું લગ્ન ગોઠવીએ. શું નામથી તું એને બોલાવે છે...? મને યાદ નથી આવતું...' દાદીએ એના માથે હાથ ફેરવતાં કહ્યું.

'સ્વીટી... સ્વીટી... સ્વીટ સ્વીટ છે ને!' નિરાલી.

'હં, સ્વીટીને આપણે પરણાવીશું. સ્વીટી નાની એટલે માંડવો પણ નાનો, બરાબર?' દાદી.

'દાદી તો બહુ જ સ્માર્ટ, હોં... વ્હાલાં વ્હાલાં દાદી.'

પછી તો વરરાજા, જાન ક્યાંથી આવશે, કોને કંકોત્રી લખવી, તો લાગી ગઈ કામમાં... ફટાફટ બધું ગોઠવવા લાગી. નિરાલીના અડધા દોસ્તો છોકરી પક્ષના, અડધા છોકરા પક્ષના. આ લગ્નમાં ટીચરને તો ભુલાય જ કેમ? નિમિષા ટીચરના ત્યાંથી વરરાજાની જાન જાન આવશે. એમની દીકરી મીનુનો ઢીંગલો સેમ વરરાજા બની જાન લઈને આવશે. બધું ફટાફટ નક્કી કરવામાં આવ્યું, કામની સોંપણી કરવામાં આવી.

નિરાલી પાસે જરાયે ફુરસદ નથી. કન્યાદાન એ કરવાની છે. ઘરમાં નાનકડો માંડવો શોભી રહ્યો છે. નાના નાના બાજોઠ આવ્યા. ગોર મહારાજ તેડાવ્યા. લગ્નગીતોથી ઘર ગુંજી ઉઠ્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)